<u>મે. અમદાવાદ ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ.મુ.અમદાવાદ</u>

**રીકવરી(સી.૨) અરજી નં–૩૮૬/૨૦૨૦**

**આંક–૧૩**

**અરજદાર :–** **શ્રી ધર્મેન્દ્ર રમેશભાઈ પારેખ**
મુ.ડરણ, તા.સાણંદ, જી.અમદાવાદ
કે/ઓ. ગુજરાત કામદાર ઉત્કર્ષ યુનીયન
હે–કંસારાપોળ, છીપવાડ, મુ.તા.કડી,જી. મહેસાણા

**..વિરુધ્ધ..**

**સામાવાળા :–** (૧) **શ્રીજી એસોસીએટસ (લેબર કોન્ટ્રાકટર)**
**કે/ઓ.શ્રી ભગવતી ફલોર એન્ડ ફુડસ પ્રા.લી.**
સર્વે નં.૪૩૦,સરખેજ–બાવળા હાઈ–વે,
મુ. મોરૈયા, તા.સાણંદ, જી. અમદાવાદ
(૨) **મેનેજરશ્રી/ડાયરેકટરશ્રી (ડીલીટ)**
**શ્રી ભગવતી ફલોર એન્ડ ફુડસ પ્રા.લી.**

**વિષય :–** આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) અન્વયે રીકવરી અરજી.

.............................................................................................................

**હાજર રહયા :–** અરજદાર તરફે : શ્રી સુલેમાન ઘાંચી.
સામાવાળા તરફે : શ્રી વી.એસ.પાટીલ.

.............................................................................................................

**<u>: ચુ કા દો :</u>**

૧) આ કામે પક્ષકારો તર્ફે આંક–૧૦ થી રજુ સમાધાન લેખની વિગતો વંચાણે લેતા,આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થતા, અરજદાર/કામદારને ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે કુલ રકમ રૂા.૭૧,૦૦૦/– (અંકે રૂપિયા ઈકોતેર હજાર પુરા) રોકડા તેમના પ્રતિનિધિશ્રીની હાજરીમાં ચૂકવી આપેલ છે, જે બદલ અરજદારે તેમના રેફરન્સ (એલ.સી.એ) નં.૪૧૨/૨૦૧૫ માં થયેલ હુકમ તેમજ અરજદારે જે કાંઈ નોકરી કરેલ છે તેના નીકળતા હકકો જેવા કે બોનસ, હકકરજા વિગેરે ઉપરાંત એકસગ્રેસીયા એમ સંપૂર્ણ અને આખરી સમાધાન સ્વીકારેલ હોવાનું જણાવેલ છે. વધુમાં સમાધાન લેખની વિગતો કામદાર તેમના પ્રતિનિધિશ્રીની હાજરીમાં કબુલ રાખતા હોવાથી, સમાધાન લેખ રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, અરજદારની રીકવરી અરજી સમાધાન લેખના કથનો આધારે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ યોજાયેલ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો

**અમદાવાદ.**
**તા.૧૧/૧૨/૨૦૨૧**

**( દિપક હસમુખભાઈ ખંભાતી )**
**ન્યાયાધીશશ્રી**
**મજુર અદાલત નં.૪,અમદાવાદ.**
**(જી.જે.૦૦૮૬૬)**